# ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, અમરેલી

કલેકટર કચેરી, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી–૩૬૫૬૦૧
ફોન નં. ૨૩૦૭૩૫–૦૨૭૯૨ : ફેકસ નં. ૦૨૭૯૨–૨૨૧૬૦૦
ઈ–મેઈલ :– dismgmt-amr@gujarat.gov.in


सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ન. ડીઝા/કોરોના વાયરસ/વશી/ ૧૯૨૩ /૨૦૨૦ તા.૨૫/૦૪/૨૦૨૦

**વંચાણે લીધા :–**

(૧)મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, ભારત સરકારશ્રીનો હુકમ નં.૪૦–૩/૨૦૨૦–ડી,તા.૨૪/૦૩/૨૦૨૦ તથા તા.૧૪/૪/૨૦૨૦

(૨) મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, ભારત સરકારશ્રીની ગાઈડલાઈન નં.૪૦–૩/૨૦૨૦-DM-I(A), ૧૫/૦૪/૨૦૨૦

(૩)ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૫ ની કલમ–૬ હેઠળ બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન

(૪) સરકારશ્રીના એપીડેમીક ડિસીઝ એકટ –૧૮૯૭ અંતર્ગત ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરનું તા.૧૩/૦૩/૨૦૨૦ નું નોટીફીકેશન

(૫)મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, ભારત સરકારશ્રીની ગાઈડલાઈન નં.૪૦–૩/૨૦૨૦-DM-I(A), તા.૨૪/૦૪/૨૦૨૦

(૬)ગૃહ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:SB-I/KAV/102020/482(Part-10), તા.૨૫/૦૪/૨૦૨૦

DISTRICT MAGISTRATE AMRELI * GUJARAT STATE *

વિષય :– **નોવેલ કોરોના વાયરસ(COVID-19) અંતર્ગત અતિ આવશ્યક સેવાઓના સમય નિયમન બાબત**

## // હુકમ //

વંચાણક્રમાંક–૧ ના ભારત સરકારના ગૃહ મંત્રાલયના આદેશથી નોવેલ કોરોના વાયરસ(COVID-19) મહામારીના સંદર્ભમાં સંપૂર્ણ ભારત દેશના તકેદારીના પગલા માટે તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી લોક ડાઉન કરવા હુકમ આવેલ છે. તેમજ તા.૧૪/૪/૨૦૨૦ ના આદેશથી લોકડાઉનની મુદત આગામી તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી વધારવામાં આવેલ છે. તેમજ વંચાણ ક્રમાંક–૩ અને ૪ માં આ અંગે જિલ્લામાં યોગ્ય વ્યવસ્થા કરી જાહેરનામા પ્રસિઘ્ધ કરવા તથા વ્યવસ્થા તંત્ર નિયમન કરવા સત્તા એનાયત થયેલ છે.

વૈશ્વિક મહામારી જાહેર થયેલ નોવેલ કોરોના વાયરસ(COVID-19) નો ચેપ અટકાવવા માટે આવશ્યક ચીજવસ્તુઓના વેચાણના કેન્દ્રો જેવા કે, અનાજ કરીયાણાની દુકાનો, દુધ, ફળો–શાકભાજી, દવાઓ, જાહેર વિતરણ વ્યવસ્થાની દુકાનો, પશુ આહાર વિગેરે જેવા સ્થળોએ વેચાણ/વિતરણ માટે સમય નિયમન ન કરવામાં આવે તો બહોળા પ્રમાણમાં લોકોની અવર જવર રહે તેમજ ટોળા એકત્ર થવાની સંભાવના રહેલ હોય, જેથી સતત અવર જવર ના કારણે રોગનું સંક્રમણ ન થાય તે હેતુથી **સમગ્ર અમરેલી જિલ્લામાં** આવશ્યક ચીજ વસ્તુઓના વેચાણ માટે માર્ગદર્શિકા જાહેર કરી, સમય સુનિશ્ચિત કરવા હુકમ કરવામાં આવેલ હતો.

વંચાણક્રમ–૫ મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, ભારત સરકારશ્રીની ગાઈડલાઈન નં.૪૦–૩/૨૦૨૦-DM-I(A), તા.૨૪/૦૪/૨૦૨૦ને ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ વંચાણક્રમ–૬ ના ગૃહ વિભાગ, ગુજરાત સરકારશ્રીના તા.૨૫/૦૪/૨૦૨૦ ના આદેશથી તા.૧૫/૪/૨૦૨૦ ના આદેશના પેરા–૧૪ Commercial and private establishment Subclause(xiii)&(xiv) મુજબની સેવાઓમાં સુધારા વધારા કરવામાં આવેલ છે. જેમા,

(xiii) "રાજયના શોપ અને એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપલ કોર્પોરેશનની મર્યાદાની બહારની અને બજાર અથવા બજાર સંકુલની દુકાનો સિવાય, મલ્ટી-બ્રાન્ડ અને સિંગલ બ્રાન્ડ મોલ્સની દુકાનો સિવાય, રહેણાંક સંકુલો સહિતની તમામ દુકાનો ૫૦% કારીગરોની ક્ષમતા સાથે, ફરજિયાતપણે માસ્ક અને સામાજિક અંતર સાથે."

(xiv) "મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલિટીઝની મર્યાદામાં રાજયના શોપ અને એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ બજાર અથવા બજાર સંકુલ અને મલ્ટિ-બ્રાન્ડ અને સિંગલ બ્રાન્ડ મોલ્સની દુકાનો સિવાયની એકાકી દુકાન, રહેણાંક વિસ્તારને અડીને આવેલ દુકાનો(neighbourhood shops), રહેણાંક સંકુલોમાં આવેલી દુકાનો સહિતની તમામ દુકાનો, ૫૦% કારીગરોની ક્ષમતા સાથે, ફરજિયાતપણે માસ્ક અને સામાજિક અંતર સાથે"

આવશ્યક ચીજ વસ્તુઓની વિતરણ વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તેમજ વિતરકોને ધંધાના કામે જવા તેમજ હોમ ડીલીવરી માટે કોઈ મુશ્કેલી ન થાય તે આશયથી દુકાનદીઠ–૧ અને મહત્તમ–૨(બે) વ્યકિતઓ/ કારીગરો સાથે તા.૨૬/૦૪/૨૦૨૦ થી ખુલ્લી રાખી શકશે. તેમજ શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધાયેલ ન હોય તેવી દુકાનો ખુલ્લી રાખી શકાશે નહી.

વંચાણક્રમાંક–૬ ના આદેશથી પેરા–૩ મુજબ **નીચે દર્શાવેલ દુકાનો/ સેવાઓ શરૂ કરવા માટેનો પ્રતિબંધ યથાવત રહેશે.**

**જેમાં,"(૧)ઈ–કોમર્સથી વેચાણ કરતી કંપનીમાં આવશ્યક ચીજવસ્તુઓ સિવાયની વસ્તુઓ (૨)દારૂનું વેચાણ(પરમીટ શોપ) (૩)પાનમસાલા/ગુટકા/ સિગારેટ વિ.ની દુકાન (૪)હેર કટીંગ સલૂન તથા વાળંદની દુકાન(૪)સ્પાની દુકાન(Spa Shop) (૫)ચા ની દુકાન/લારીઓ(ટી સ્ટોલ) (૬)ખાણીપીણીની દુકાનો/લારીઓ તેમજ હોટલ / રેસ્ટોરન્ટ (૭) જરૂર જણાયે ઈલાયદા હુકમ કરી મનાઈ ફરમાવવામાં આવે તેવી કોઈ પણ દુકાન ખુલ્લી રાખી શકાશે નહી."**

*"અગાઉ જે સેવાઓ માટે હુકમો બહાર પાડવામાં આવેલ અને પાસ ઈસ્યુ કરવામાં આવેલ છે, તેઓને આ હુકમ લાગુ પડશે નહી. આ હુકમના આધારે ખોલવામાં આવેલ દુકાનદારોને **ઈલાયદા પાસ મેળવવાના રહેશે નહી** તેમજ પાસ માટે અલગથી અરજી કરવાની રહેશે નહી. દરેક દુકાનદારે આ હુકમની નકલ તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળનું નોંધણી પ્રમાણપત્ર સાથે રાખવાનું રહેશે જેથી સરળતાથી ઓળખ પ્રસ્થાપિત થઈ શકે."*

**શરતો :–**

(૧)દુકાન પર આવનાર તમામ વ્યકિતઓએ ઓછામાં ઓછું ૬ ફુટ સામાજિક અંતર(સોશિયલ ડીસ્ટન્સિંગ) રાખી કામ કરવાનું રહેશે, તેમજ અરજદારો માટે લઘુત્તમ અંતર જળવાય તે માટેના નિશાનો(સર્કલ) કરવાના રહેશે.

(૨) દુકાન પર આવનાર તમામ વ્યકિતઓ તથા ગ્રાહકોએ દ્વારા ઘરગથ્થું ફેસમાસ્ક/ ચહેરાના રક્ષણાત્મક કવરનો ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે. તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવાની રહેશે અથવા હાથ સાફ કરવા સાબુ, પાણી ઉપલબ્ધ

કરાવવાનું રહેશે તેમજ સ્વચ્છતા રાખવાની રહેશે. દરેક વ્યકિત ઓછામાં ઓછી ૨૦ સેકન્ડ સુધી સાબુ વડે હાથ સાફ કરે તેની તકેદારી રાખવાની રહેશે.

**(૩) દુકાનનું સ્થળ ભવિષ્યમાં હોટસ્પોટ/કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવે તો તાત્કાલિક બંધ કરવાનું રહેશે.**

(૪)ડીસ્પોઝેબલ માસ્ક પહેરીને પ્રવેશતા વ્યકિતઓ માસ્ક જયાં ત્યાં ફેંકે નહી તેની કાળજી લેવાની રહેશે તેમજ ડીસ્પોઝેબલ માસ્કના નિકાલ માટે બાયોમેડીકલ વેસ્ટના નિકાલ સંબંધે મેડીકલ ગાઈડલાઈન્સ મુજબ ડીસ્પોઝેબલ પ્લાસ્ટીક બેગ તથા ડસ્ટબીનની વ્યવસ્થા કરવાની રહેશે.

(૫)એવા તમામ વિસ્તારો કે ગ્રાહકો/ કારીગરોનો સ્પર્શ વધારે થતો હોય, જેવા કે, દરવાજાનું હેન્ડલ, ટેલીફોન, રેલીંગ્સ, લાઈટની સ્વીચ, દિવાલનો એરીયા તથા કોમ્પ્યુટરનાં ટચ પેડ અને કી–પેડ જેવા સ્થળોનું ૧% સોડીયમ હાઈપોકલોરાઈટથી દરરોજ ડીસઈન્ફેકશન કરવાનું રહેશે. ડેમ્પ કાપડથી સદરહું વિસ્તારો ડીસઈન્ફેકશન કરવાનાં રહેશે. ત્યાં સ્પ્રે કરવો નહી.

(૬) ઉકત કામગીરી નો સમય સવારના ૯:૦૦ કલાકથી બપોરના ૧૪:૦૦ કલાક સુધીનો રહેશે.

***(૭)દરેક દુકાનદારોએ આ હુકમની નકલ દુકાન પર દરેક વ્યક્તિ વાંચી શકે તે રીતે ફરજિયાત પણે ચોંટાડવાની રહેશે. તેમજ દુકાન પર ગ્રાહકોને અમલવારી કરવા માટે સમજૂત કરવાના રહેશે.***

(૮)દરેક દુકાનદારે સરકારશ્રીની કોવીડ–૧૯ ની વખતોવખતની સૂચનાઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

(૯)દરેક દુકાનમાં આવશ્યક સિવાય કોઈ પણ મુલાકાતી પ્રતિબંધિત રહેશે તેમજ શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ તળે જેટલા ગુમાસ્તા(કામદારો)ની સંખ્યાં નક્કી થયેલ હોય તેના ૫૦% સ્ટાફ સાથે દુકાન કાર્યરત રહેશે.

(૧૦)ભવિષ્યમાં હોટસ્પોટ અને સંક્રમિત વિસ્તાર તરીકે જાહેર થયેલ વિસ્તારમાંથી કર્મચારી/કામદારોને કામ પર બોલાવી શકાશે નહી. તેમ છતાં આકસ્મિક ચકાસણી દરમિયાન આવી કોઈ બાબત ધ્યાને આવશે તો સંબંધિત દુકાનદારની સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે.

(૧૧)ઉકત જાહેરનામામાં મુકિત આપેલ બાબતો અન્વયે અર્થઘટનના પ્રશ્ન ઉપસ્થિત થયેથી રાજય સરકારશ્રી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક–૬ ના તા.૨૫/૦૪/૨૦૨૦ ના અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થયેલ ઠરાવ આખરી ગણવાનો રહેશે.

**–:શિક્ષા:–**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ ની કલમ–૧૮૮, ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૫ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૫ ની કલમ–૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ઉપરોકત શરતોનું ચુસ્તપણે પાલન થાય તે સબબની તકેદારી લગત અધિકાર ક્ષેત્રના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી(હેડકવાર્ટર), અમરેલી; લગત અધિકાર ક્ષેત્રના મામલતદારશ્રી, લગત અધિકાર ક્ષેત્રના તાલુકા વિકાસ અધિકારીશ્રી તથા લગત અધિકાર ક્ષેત્રના ચીફ ઓફીસરશ્રીએ રાખવાની રહેશે.

DISTRICT MAGISTRATE AMRELI GUJARAT STATE

**(આયુષ ઓક)**
**કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ**
**અમરેલી**